ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
**કચ્છ યુનિવર્સિટી**
મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧
ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org વેબ-kskvkachchhuniversity.org

ક.યુ./ઇ.સી./મિનિટસ/૨૬મી એપ્રિલ/૨૦૧૮/ ૯૩૮ તા.૦૧/૦૫/૨૦૧૮

પ્રતિ,
તમામ એક્ઝિકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

**વિષય : ગત તા.૨૬/૦૪/૨૦૧૮ના રોજની એક્ઝિકયુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૨૬/૦૪/૨૦૧૮ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિકયુટીવ કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

કુલસચિવ
**કચ્છ યુનિવર્સિટી**

બિડાણ:- એક્ઝિકયુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાના:- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

### તા.૨૬મી એપ્રિલ–૨૦૧૮ ના રોજ સવારે ૦૪.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તારીખ તા.૨૬મી એપ્રિલ–૨૦૧૮ ના રોજ ગુરૂવારે સવારે ૦૪.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એકિઝકયુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.પી.એસ.હિરાણી,<br>ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. એસ.જી.ધર્માણી,<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એમ.જી.ઠકકર.<br>પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. કે.એમ.ત્રિવેદી<br>રીડર, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | |
|---|---|---|
| શ્રી પ્રવિણભાઇ પીડોરીયા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| શ્રી અરૂણભાઇ ભીન્ડે<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.ડી.એમ.બકરાણીયા,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## –મુદ્દાઓ –

૧. તા.૨૬/૦૩/૨૦૧૮ ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની મિનિટસનું વાંચન અને બહાલી.
(નોંધઃ– ગત તારીખ તા.૨૬/૦૩/૨૦૧૮ની સભાની મિનિટસ નોંધનું વાંચન અને બહાલી બાબત.)

**ઠરાવઃ– ૧. તા.૨૬/૦૩/૨૦૧૮ રોજની ગત સભાની મિનિટસના વાંચન બાદ બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨. નાણાકિય વર્ષ ૨૦૧૮–૧૯ માટે કચ્છ યુનિવર્સિટીની વાર્ષિક જરૂરિયાત અન્વયે થયેલ ટેન્ડર પ્રક્રિયા બાબત.
(નોંધઃ– નાણાકિય વર્ષ ૨૦૧૮–૧૯ માટે કચ્છ યુનિવર્સિટીની વાર્ષિક જરૂરિયાત અન્વયે તાઃ૨૬/૦૩/૨૦૧૮ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના ઠરાવ નંબરઃ૫ થયેલ ટેન્ડર પ્રક્રિયાને અંતે આવેલ ટેન્ડર ખરીદ સમિતિમાં મુકવાના થાય છે પરંતુ ખરીદ સમિતિના સભ્યશ્રી શ્રી અજયભાઇ ગઢવી અને શ્રી શ્રવણસિંહ વાઘેલાનો એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રી તરીકેનો કાર્યકાળ પૂર્ણ થયેલ હોઇ તેઓશ્રીનો ખરીદ સમિતિના સભ્યશ્રી તરીકેનો કાર્યકાળ પૂર્ણ થાય છે. આમ આ પરિસ્થિતીમાં આવેલ ટેન્ડરો અંગે નિર્ણય કરવા અને થયેલ ટેન્ડર પ્રક્રિયા સરકારશ્રીના નિયમાનુસાર પૂર્ણ કરવા પુનઃવિચારણાની જરૂરીયાતને ઘ્યાને લઇ માન.કુલપતિશ્રીના આદેશાનુસાર તાત્કાલિક આયોજીત એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં ચર્ચાના અંતે નિર્ણાર્યથે.)

**ઠરાવઃ– ૨. કચ્છ યુનિવર્સિટી ખાતે વાર્ષિક જરૂરીયાત અન્વયે થયેલ ટેન્ડર પ્રક્રિયા બાબતે નીચે મુજબની વિગતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**૧. વાર્ષિક ખર્ચ રૂ.૫(પાંચ) લાખ કરતાં વધુ હોય તેવી જરૂરીયાત માટેના વાર્ષિક ટેન્ડરો ઓન–લાઇન ટેન્ડર પ્રક્રિયાથી હાથ ધરવા.**

**૨. વાર્ષિક જરૂરીયાત અન્વયે થયેલ ઓફલાઇન ટેન્ડરની ટેન્ડર ખોલવાની મુદત વધારવી અને તે અંગે ઓનલાઇન ટેન્ડર પ્રક્રિયા સાથે જ ખોલવાની મુદત વધારાની જાહેરાત આપવી.**

**૩. યુનિવર્સિટી ખાતે જુદી–જુદી જરૂરીયાત મુજબ માનવબળ પુરૂ પાડવા કલેટકટર કચેરી દ્વારા માન્ય થયેલ એજન્સી મારફતે માનવબળ મેળવવા માટે પત્ર વ્યવહાર કરવો અને તેમના દ્વારા જ જરૂરીયાત મુજબનો માનવબળ મેળવવો.**

**ઉપરોકત ક્રમ–૧ થી ક્રમ–૩ માં દર્શાવેલ તમામ પ્રક્રિયાની જવાબદારી એસ્ટેટ વિભાગની રહેશે અને તમામ પ્રક્રિયા બનતી ત્વરાએ પૂર્ણ કરવી.**

૩. કચ્છ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા ખારેક અંગે થયેલ સંશોધનને વ્યાપક તેમજ વ્યવસાય સ્વરૂપે વધારવા મંજુરી બાબત.(પરિશિષ્ટ–૧)

(નોંધઃ– કચ્છ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા ખારેક અંગે થયેલ સંશોધનને વ્યાપક તેમજ વ્યવસાય સ્વરૂપે વધારવાના ભાગરૂપે નમુનાનુ પૃથ્થકરણ પ્રતિ નમુનાનું પરીક્ષણ રૂા.૧૦૦/–ના દરથી તેમજ થયેલ આવક પૈકી યુનિવર્સિટીને ૩૦%, પરીક્ષણ કરનારને ૩૦%, સુપરવાઇઝરને ૧૫% અને રસાયણશાસ્ત્ર ભવનને ૨૫% મુજબ ચુકવવાની મંજુરી બાબત.)

**ઠરાવઃ– ૩. કચ્છ યુનિવર્સિટી ખાતે રસાયણ વિભાગ દ્વારા ખારેકના સંશોધન અન્વયે જે રસાયણો, ગ્લાસવેર અને અન્ય જરૂરીયાત અન્વયે ખારેક સંશોધન કાર્ય ચાર્જ પ્રતિ નમુનાના રૂા.૧૦૦/– વસુલવા અને આ વસુલાતની આવકની વહેંચણી યુનિવર્સિટીને ૩૦%, પરીક્ષણ કરનારને ૩૦%, સુપરવાઇઝરને ૧૫% અને ભવનને ૨૫% ચુકવવા. પૃથ્થકરણ બાદ થતી અસરો અંગેની સંપૂર્ણ જવાબદારી પૃથ્થકરણ કરાવનારની રહેશે તે અંગેની બાંહેધરી મેળવી કામગીરી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. કચ્છ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા જમીન પૃથ્થકરણ અંગે મળેલ દરખાસ્ત બાબત. (પરિશિષ્ટ–૨)

**ઠરાવઃ– ૪. કચ્છ યુનિવર્સિટી ખાતે રસાયણ વિભાગ દ્વારા જમીન પૃથ્થકરણ અન્વયે જે રસાયણો, ગ્લાસવેર અને અન્ય જરૂરીયાત અન્વયેજમીન પુથ્થકરણ કાર્ય અન્વયે નીચેની વિગતે ચાર્જ વસુલાત અને તેની ફાળવણી કરવા, પૃથ્થકરણને બાદ થતી અસરો અંગેની સંપૂર્ણ જવાબદારી પૃથ્થકરણ કરાવનારની રહેશે તે અંગેનુ બાંહેધરી મેળવી કામગીરી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| ક્રમ | નમુનાની વિગત | એમ.ઓ.યુ. કરાયેલ સંસ્થાઓ અથવા સામાજિક અને બિન–નફાકારક સંગઠનો માટેના ભાવ | ઔદ્યોગિક, વ્યક્તિગત અને નફાકારક સંગઠનો માટેના ભાવ |
|---|---|---|---|
| ૧. | ખેત અથવા કૃષિ જમીનની માટીના નમુના | રૂા.૩૫૦/– પ્રતિ નમુના દીઠ | રૂા.૫૦૦/– પ્રતિ નમુના દીઠ |
| ૨. | ખેત અથવા કૃષિ જમીનમાં આવેલા અથવા સિંચાઇ સાથે સંકળાયેલાના પાણીના નમુના | રૂા.૨૫૦/– પ્રતિ નમુના દીઠ | રૂા.૩૫૦/– પ્રતિ નમુના દીઠ |

હિસ્સાની ફાળવણી

| | | |
|---|---|---|
| ૧. | યુનિવર્સિટીનો હિસ્સો | ૩૦% |
| ૨. | સોઇલ ટેસ્ટીગના તમામ સાધનોના મેન્ટેનન્સ અને કેમિકલનો ખર્ચનો હિસ્સો | ૪૦% |
| ૩. | પરીક્ષણ કાર્ય કરતા માનવબળનો હિસ્સો | ૧૫% |
| ૪. | સુપરવાઇઝરના રેમ્યુનરેશન વગેરે | ૦૫% |
| ૫. | રસાયણશાસ્ત્ર ભવનનો હિસ્સો | ૧૦% |

૫. કચ્છ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા સેન્ટર ફોર એકસેલન્ટ અંગે મળેલ દરખાસ્ત બાબત. (પરિશિષ્ટ–૩)

**ઠરાવઃ– ૫.** કચ્છ યુનિવર્સિટી ખાતે રસાયણ વિભાગ દ્વારા સેન્ટર ફોર એકસેલન્ટ ઇન કેમીકલ સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં કાર્યરત સાધનો દ્વારા સંશોધનના વિદ્યાર્થીઓ અને ઔદ્યોગીક એકમો માટે નમુનાના જરૂરી પૃથ્થકરણ કરવા અંગે નીચેની વિગતે ચાર્જ વસુલાત કરવા, નીચે દર્શાવેલ વિગતે હિસ્સાની ફાળવણી કરવા, કચ્છ યુનિવર્સિટીના સંશોધનના વિદ્યાર્થીઓને વિના મુલ્યે નમુનાના પૃથ્થકરણ કરી આપવા, પૃથ્થકરણને બાદ થતી અસરો અંગેની સંપૂર્ણ જવાબદારી પૃથ્થકરણ કરાવનારની રહેશે તે અંગેનું બાંહેધરી મેળવી કામગીરી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| No | Name of the Instrument | KSKV KU Charges | |
|---|---|---|---|
| | | Industries | Academic |
| 1 | **FTIR ANALYSIS** | | |
| | Per sample | 550 | 150 |
| 2 | **SEM** | 8000 | 2000 |
| | SEM+ EDAX analysis | 10000 | 2500 |
| 3 | **GC MS** | | |
| | **Basic charge per sample** | 2000 | 500 |
| | Additional chargefor method development | 1000 | 250 |
| | Identification charge per peak | 100 | 25 |
| 4 | **LCMS** | | |
| | Basic charge for LC-MS per sample | 5000 | 1250 |
| | Additional charges Tandem Mass (MS/MS) | 600 | 150 |
| | Additional charge for method development per sample | 2000 | 500 |
| | Basic charge for only MS per sample | 4800 | 1200 |
| 5 | **HPLC** | | |

| | | | |
|---|---|---|---|
| | Per sample for qualitative analysis | 1200 | 300 |
| | Per sample for quantitative analysis | 2400 | 600 |
| 6 | **IC** | | |
| | For first ion detection | 3000 | 750 |
| | For each additional ion detection | 1200 | 300 |
| | **Karlfisher** | | |
| | Per sample | 1200 | 300 |
| 7 | **NMR** | | |
| | $^{1}$H-NMR, per sample in $CDCl_3$ | 1200 | 300 |
| | $^{1}$H-NMR, per sample in any solvent other than $CDCl_3$ | 1400 | 350 |
| | $^{31}$P-NMR, per sample | 2400 | 600 |
| | $^{13}$C-NMR, per sample in $CDCl_3$ (first one hour) | 1500 | 375 |
| | $^{13}$C-NMR, per sample in solvent other than $CDCl_3$ (first one hour) | 1700 | 425 |
| | For each additional hour | 600 | 150 |
| 8 | **Nano particle size analysis** | | |
| | Per sample | 1600 | 400 |
| | Per sample with zeta potential | 2000 | 500 |
| | Nano particle size analysis | 500 | 125 |
| 9 | **TGA** | | |
| | TGA, DTA AND DSC analysis per sample in Nitrogen atmosphere | 2000 | 500 |
| | TGA, DTA AND DSC analysis per sample in Nitrogen + Oxygen atmosphere (up to 700°C) | 2500 | 625 |
| 10 | **UV NIR** | | |
| | 200-800 nm liquid | 600 | 150 |
| | 200-800 nm solid | 2000 | 500 |
| | 200-2500 nm liquid | 1000 | 250 |
| | 200-2500 nm solid | 3000 | 750 |
| 11 | **XRD** | | |

| | | | |
|---|---|---|---|
| | Per sample | 4400 | 1100 |
| 12 | **XRF** | | |
| | per sample | 4400 | 1100 |
| 13 | UPLC | 1200 | 300 |
| 14 | Autotitrator | 1200 | 300 |
| 15 | Flash Point Tester | | 0 |
| | For first three elements | 4500 | 1125 |
| | for each extra element per sample | 600 | 150 |
| 16 | Auto lab | 1200 | 300 |
| 17 | HPTLC | 1000 | 250 |
| 18 | AAS (Per element analysis) | 500 | 125 |
| 19 | **હિસ્સાની ફાળવણી** Accelerated Solvent Extractor (ASE) | 1200 | 300 |
| 20 | Milli Q pure Water (Per liter) | 450 | 450 |
| 21 | Soil and water analysis per parameter | 150 | 50 |

| | | |
|---|---|---|
| ૧. | યુનિવર્સિટીનો હિસ્સો | ૩૦% |
| ૨. | તમામ સાધનોના મેન્ટેનન્સ અને કેમિકલનો ખર્ચનો હિસ્સો | ૩૫% |
| ૩. | પરીક્ષણ કાર્ય કરતા માનવબળનો હિસ્સો | ૧૫% |
| ૪. | સુપરવાઇઝરના રેમ્યુનરેશન વગેરે | ૦૫% |
| ૫. | રસાયણશાસ્ત્ર ભવનનો હિસ્સો | ૧૫% |

**Note:- Method Development and validation charges as per requirement.Solvent and Sample Preparation charges will be searate.HPLC, UPLC additional charge Rs. 250/30 minutes.**

૬. કચ્છ યુનિવર્સિટીના કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગના અધ્યાપકોશ્રીના CASના અહેવાલને મંજુરી બાબત.

**ઠરાવઃ– ૬. કચ્છ યુનિવર્સિટીના કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગના અધ્યાપકોશ્રીના સી.એ.એસ.ના અહેવાલને ગ્રાહ્ય રાખવા અને આ અહેવાલને આધારે ડો.કનિષ્ક શાહ અને ડો.શીતલ બાટી ને સ્ટેજ–૧ થી સ્ટેજ–૨ (ગ્રેડપે–૬૦૦૦ થી ૭૦૦૦માં) સમાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

## અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ

૭. કચ્છ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગની જુદી–જુદી કામગીરી માટેનો સોફ્ટવેર બનાવવા બાબત.

**ઠરાવઃ– ૭. કચ્છ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગની જુદી–જુદી કામગીરી અન્વયે જરૂરયાત મુજબનો સોફ્ટવેર બનાવવા શ્રી આનંદ સલાટ (કોમ્પ્યુટર**

વિભાગ) ને તૈયાર કરવા અને આ અંગેના માનદ પુરસ્કારની રકમ રૂ.૫૫,૦૦૦/– અંકે રૂ.પંચાવન હજાર પુરા સોફટવેર પૂર્ણ કરી પરીક્ષા નિયામકશ્રીને સોંપવામાં આવે ત્યારે ચુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૮. કચ્છ યુનિવર્સિટીની પગાર વધારા સમિતિના અહેવાલ બાબત.

ઠરાવ:– ૮. કચ્છ યુનિવર્સિટીની પગાર વધારા સમિતિના તા.૦૮/૦૩/૨૦૧૭ના અહેવાલ અનુસંધાને દર્શાવેલ કર્મચારીઓનો પગાર વધારો કરવામાં આવેલ ન હતો. માન.કુલપતિશ્રીના તા.૦૫/૦૪/૨૦૧૮ના રોજની નોંધ પરના આદેશ અન્વયે સદર કર્મચારીઓને પણ પગાર વધારાનો લાભ માર્ચ–૨૦૧૮ થી ચુકવવામાં આવેલ. તા.૨૮/૦૩/૨૦૧૮ના રોજ મળેલ પગાર વધારા સમિતિનો અહેવાલ આજ રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં રજુ કરતાં સમિતિના અહેવાલની શરત ક્રમ–૨માં દર્શાવ્યા મુજબ (૧) કુ.પુજા મહેતા અને (૨) કુ.પુનમ ગોસ્વામીના કિસ્સામાં કરેલ ભલામણને રદ કરી તેના સ્થાને તેઓને નોટીસ આપવી અને ૩(ત્રણ) માસ સુધીમાં જો તેઓની નિયમિતતા ન જણાંય તો તેઓનો કરાર પૂર્ણ કરવાની પ્રક્રિયા હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૯. કચ્છ યુનિવર્સિટીની આજરોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલ અને બાંધકામ સમિતિની સંયુકત બેઠકની મીનીટસ નોંધની બહાલી બાબત.

ઠરાવ:–૯. કચ્છ યુનિવર્સિટીની આજરોજની બાંધકામ સમિતિની મીનીટસ નોંધ બહાલ રાખવા અને તે મુજબ અંગેની કાર્યવાહી હાથ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૦. કચ્છ યુનિવર્સિટીની વિવિધ જરૂરીયાતો અને સેવાઓ મેળવવા બાબત.

ઠરાવ:–૧૦. કચ્છ યુનિવર્સિટીની તા.૨૬/૦૩/૨૦૧૮ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના ઠરાવ ક્રમ–૫ અન્વયે વર્તમાનમાં જરૂરીયાત મુજબ મેળવવામાં આવતી સેવાઓ માટે નીચે મુજબની વિગતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧. લઘુતમ વેતન દર મુજબ પ્રત્યેક દિવસનું ચૂંકવણું કરવું.
૨. જે દૈનિક વેતન ધારક પાસે બેંક એકાઉન્ટ હોય તેવા દૈનિક વેતન ધારકોને બેંક મારફતે ચૂંકવણું કરવું અને જેની પાસે બેંક એકાઉન્ટ ન હોય તેવા વ્યક્તિઓને બેરર ચેક મારફતે ચૂકવણું કરવું.

ઉપરોકત ક્રમ–૧ અને ક્રમ–૨માં દર્શાવેલ તમામ પ્રક્રિયાની જવાબદારી એસ્ટેટ વિભાગની રહેશે અને તમામ પ્રક્રિયા બનતી ત્વરાએ પૂર્ણ કરવી. જ્યારે આ અંગેના થનાર કુલ ખર્ચને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

આપનો વિશ્વાસુ

કુલસચિવ(ઇ.ચા.)

નકલ સવિનય રવાના:– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.